# School Accreditation

ચિલ્ડ્રન્સ યુનીવર્સિટી, ગાંધીનગર અંતર્ગત ચાલતા Accreditation પ્રોગ્રામ અંતર્ગત કે. જે. ઠકકર બાલ શાળા, આણંદ (ગુજરાતી માધ્યમ) નું તારીખ ૨૪ થી ૨૭ ફેબ્રુઆરી,૨૦૧૬ દરમ્યાન શૈક્ષણિક અન્વેષણ અને મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન શાળાનાં વિવિધ પાસાઓ પૈકી શાળાનું દર્શન, શાળાની માળખાકીય ભૌતિક સુવિધાઓ, વ્યવસ્થાપન, SWOC એનાલીસીસ, શૈક્ષણિક પ્રવૃત્તિ અને પદ્ધતિ, અભ્યાસક્રમને લગતી બાબતો, શાળાનું નેતૃત્વ, નાવીન્ય પ્રયોગો, મેનેજમેન્ટ, માનવ સંશાધનનો વિકાસ અને પ્રગતિ, સાંસ્કૃતિક અને સહભ્યાસિક પ્રવૃત્તિ અને ચિલ્ડ્રન્સ યુનીવર્સિટીના ધ્યેયો સાથે શાળાની સલગ્નતા જેવા પાસાઓનું માર્ગદર્શન અને સુધારણાના હેતુથી ડો. જીજ્ઞેશભાઈ પટેલ, ડો. મીનળબા જાડેજા તેમજ શ્રી જયદેવભાઈ ધાંધિયા દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાષ્ટ્રમાં યુનીવર્સિટી કક્ષાએથી શાળાનું શૈક્ષણીક અન્વેન્ષણ અને મૂલ્યાંકન હાથ ધરાયું હોય તેવો આ સૌ પ્રથમ પ્રયાસ હતો. આ પ્રયાસ અંતર્ગત રીવ્યુ ટીમ દ્વારા શાળા અને ચિલ્ડ્રન્સ યુનીવર્સિટીના વિઝન અને મિશનની પરિપૂર્તિ માટે યોગ્ય દિશાનિર્દેશ કરવામાં આવ્યો હતો.

